## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




તુ મને આલિયો કહીશ તો તને પ્રોબ્લેમ થશે... હુ તને માલિયો કહીશ તો મને... જેથી સભ્યતાથી બોલવું પડશે...!!

# સે-૬ ના ચકચારી ડબલ મર્ડર કેસમાં ચારેય આરોપીઓને આજીવન કારાવાસની સજા

### આમીન બાદશાહ અગાઉ કોર્ટ બારીમાંથી નાસી ગયા બાદ ઝડપાયો હતો : સરકારી વકીલ પ્રિતેશ વ્યાસે ધારદાર દલીલો કરી

ગાંધીનગર તા ૧૬

સેકટર - ૬ માં બ્રાહ્મણ પરિવારના માં દિકરીની હત્યા કરવાના ચકચારી કેસમાં ગાંધીનગર કોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે. ગાંધીનગરની એડીશ્નલ ડિસ્ટ્રીકટ કોર્ટે આ કેસના ચારેય આરોપીઓને આજીવન કારાવાસની સજા ભોગવવા હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત મુજબ તા ૨૦ એપ્રિલ વર્ષ ૨૦૧૧ના રોજ સે-૬ સી પ્લોટનં -૧૧૦૬ : ૧ માં રહેતા મધુબેન શિવકુમાર ત્રિવેદીના ઘરે આરોપી અમીન બાદશાહ મન્સુરી ઓળખાણનો લાભ લઈ ધુસ્યો હતો. જયારે આ દરમિયાન તેની સાથેના અન્ય બે શખસો રાકેશ ઉર્ફે જગો ઉર્ફે જગાલાલ વિનુભાઈ પરમાર તેમજ આરોપી શશીકાંત ઉર્ફે રતિલાલ મકવાણા ચેનલ વાળા હોવાનુ જણાવી ઘાબા પર રીપેરીંગ કામ કરવાનુ જણાંવી ઘરમાં પ્રવેશ્યા હતા. આરોપીએ મધુબેનને પ્રથમ માળે બોલાવી ગળાના ભાગે તીક્ષ્ણ છરી વડે ઘા મારી મોતને ઘાટ ઉતાર્યા હતા. જયારે મધુબેનની દિકરી ડો નુપુરનુ પણ આરોપીએ ગળા તેમજ પેટના ભાગે તીક્ષ્ણ હથિયાર મારી મોત નિપજાવ્યુ હતુ. આરોપીએ મકાનનો મુખ્ય દરવાજો બહારથી લોક કરીને સોના ચાંદીના દાગીના કિમતી ઘડીયાળો રોકડ તેમજ અમેરીકન ચલણના ડોલર સહીત કુલ રૂ ૯૬૧૮૭૦ની રકમની લુટ કરી હતી. જયારે આ લુંટની રકમ પૈકી આરોપી રાકેશના ભાગે આવેલા સોના ચાંદીના દાગીની તથા રોકડ આરોપી હિતેશ વિનુભાઈ પરમારને સાચવવા માટે આપી ગુન્હામાં મદદગારી કરી હતી. ત્યારબાદ ઘટના સ્થળેથી આરોપીઓ નાસી ગયા હતા. આ અંગે સે-૭ પોલીસે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી હતી. ત્યારબાદ તપાસના અંતે આરોપીઓ મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. આ કેસ ગાંધીનગરની એડીશ્નલ સેસન્સ કાર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પ્રિતેશ ડી વ્યાસે દલીલો કરી હતી. સરકારી વકીલે દલીલમાં જણાંવ્યુ હતુ કે આ ગુન્હામાં બે નિર્દોષ વ્યકિતઓએ જીવ ગુમાવ્યો છે. મરણ જનાર ડો નુપુરના એક માસ બાદ લગ્ન થવાના હતા. જયારે ઘરમાં કિંમતી દાગીના હોવાનુ આરોપી અમીન બાદશાહ જાણતો હતો. જેની ઓળખાણનો લાભ લઈ ચેનલવાળાનુ તરકટ રચી ઘરમાં આસાનીથી પ્રવેશ કર્યો હતો. મરણ જનાર મધુબેનના પતિ શિવકુમાર અને તેમનો પુત્ર અમેરિકા હોવાનુ પણ આરોપીઓ જાણતા હતા.આરોપીઓએ માં દિકરીનુ ક્રુરતા પુર્વક ખુન કરી અધમ કૃત્ય કર્યુ છે. જયારે આ આરોપીઓ ઘણાંબધા ગુન્હામાં સંડોવાયેલા છે. આ કેસનો મુખ્ય આરોપી આમીન બાદશાહ અગાઉ કાર્ટ બારીમાંથી જાપ્તામાંથી પણ નાસી ગયો હતો. ક્રીમિનલ માઈન્ડ ધરાવતા આરોપીઓને સખત સજા થવી જોઈએ. કોર્ટને કોઈપણ પ્રકારની દયા રાખ્યા વિના સખત સજા કરવા પણ તેમણે દલીલમાં જણાંવ્યુ હતુ. એડીશ્નલ ડિસ્ટ્રીકટ કોર્ટના સારંગા વ્યાસે સરકારી વકીલની દલીલો તેમજ ૪૮સાહેદો તપાસી દસ્તાવેજી તેમજ એફ એસ એલના પુરાવાને ધ્યાને લઈ ચારેય આરોપીઓને આજીવન કારવાસ ભોગવવા હુકમ કર્યો છે.

## ચૂંટણી માટે ચાર પેરામિલટરીની કંપનીઓ ફરજમાં તૈનાત કરાશે : એચ. એન. જાડેજા

ગાંધીનગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને નિષ્પક્ષતા ભર્યા વાતાવરણમાં ચૂંટણીનું મતદાન થાય તે માટે ૪ પેરા મિલટરી કંપનીના જવાનો ફરજ બજાવશે.

ગાંધીનગર જિલ્લામાં ચૂંટણીની કામગીરી માટે સ્થાનિક પોલિસ ઉપરાંત આ કંપનીના જવાનોને ફરજ સોંપવામાં આવશે. અધિક નિવાસી કલેકટર જાડેજાએ જણાવ્યું હતુ કે આ કંપની ગાંધીનગર જિલ્લામાં આવી પહોંચી છે અને તેઓએ જિલ્લાની ભૌગોલિક સ્થિતિ સહિતની બાબતોનો અભ્યાસ પણ શરુ કરી દીધો છે. તેમણે જણાવ્યું હતુ કે જિલ્લામાં ૧૦૧૫ લોકો સામે અટકાયતી પગલાં લેવામાં આવ્યા છે. જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ શાંતિપૂર્ણ છે. તેમણે જણાવ્યું કે સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ મતદાન મથકો નિયત કરવાની કામગીરી હાલ ચાલી રહી છે.

જાડેજાએ જણાવ્યું હતુ કે જિલ્લામાંથી ૩૫ લાખ રૂ.નો દેશી અને વિદેશી દારૂનો જથ્થો ચૂંટણી જાહેર થયા પછી ગઈ કાલ સુધીમાં પકડી પાડવામાં આવ્યો છે. જિલ્લામાં પોલિસ તંત્ર સંપૂર્ણ રીતે સજજ છે અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ અંગે સંપૂર્ણ સતર્કતા સાથે નજર રાખી રહેલ છે.

## શ્રી છોત્તેર ગોળ દરજી કેળવણી મંડળનું સ્નેહ સંમેલન યોજાશે

શ્રી છોત્તેર ગોળ દરજી કેળવણી મંડળનું સ્નેહ સંમેલન તા.૧૯મી નવેમ્બરના રોજ અમદાવાદમાં કોમ્યુનીટી હોલ વાડજ ગણેશ કોલેજ પાસે યોજાશે. તેજસ્વી બાળકોના સન્માન કરાશે. આ માટે ગત વર્ષની પરીક્ષાની માર્કશીટ મંત્રીશ્રીને મોકલી આપવી. તેમજ ૭૫ વર્ષના વડીલોનું સન્માન પણ કરવામાં આવશે તેમ કારોબારી સભ્ય નટુભાઈ કે. દરજીએ જણાવ્યું છે.

## જિલ્લામાંથી ૩૪.૫૧ લાખનો વિદેશી દારૂ પકડાયો

ગુજરાત વિધાનસભાની ચુંટણીની તારીખો જાહેર થઈ ત્યારથી રાજયમાં વિદેશી દારૂની હેરાફેરી તથા દારૂના અડ્ડાઓ પર સપાટો બોલાવવામાં આવ્યો છે. ગાંધીનગર જિલ્લા પોલિસે ચુંટણીની તારીખો જાહેર થઈ ત્યારથી અત્યાર સુધીમાં વિદશી દારૂની હેરાફેરી કરતી સંખ્યાબંધ ટ્રકો-ગાડીઓ અને ટુ વ્હીલરો પકડયા છે તે ઉપરાંત મકાનો અને ખેતરોમાં બુટલેગરોએ સંતાડેલો દારૂનો જથ્થો પણ જપ્ત કર્યો છે. અત્યાર સુધીમાં રૂ. ૩૪.૫૧ લાખની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ગાંધીનગર જિલ્લા પોલિસ દ્વારા જપ્ત કરવામાં આવ્યો છે તે ઉપરાંત પરવાના વાળા હથિયારો પણ જપ્ત કરવાની કવાયત શરુ કરી છે.

# સિરામીક એક્સ્પોના મંજૂરી વિનાના ૧૫૦થી વધુ હોર્ડિંગ્સ મનપાએ દૂર કર્યા

### ગ્લોબલ એક્સ્પોને કારણે ટ્રાફિક નિયમન પણ શિરદર્દ બન્યુ છે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરના એક્ઝીબીશન સેન્ટર ખાતે આજથી આરંભાયેલ સીરામિક એક્સ્પોના આવેલ ૧૫૦થી વધુ બેનર અને હોર્ડિંગ્સ જે ગેરકાયદે જણાતાં તેમજ ટ્રાફિકમાં અડચણરૂપ હોવાનું જણાતાં દૂર કરવામાં આવ્યા છે. પણ વ્યવસ્થા ઉભી કરાઈ ન હોવાથી ટ્રાફિકની સમસ્યા સે. ૧૭ અને ઘ-રોડ તેમજ ચ-રોડ પર વિકટ બની છે. અહિ આવેલી સરકારી




પ્રથમ દિવસે જ મનપાનું તંત્ર એક્સ્પોના આયોજકો દ્વારા લગાડવામાં આવેલ હોર્ડિંગ્સ પર ત્રાટક્યુ હતુ.

આયોજનના સ્થળે તેમજ ઘ-રોડ અને ચ-રોડ પર લગાવવામાં હોર્ડિંગ્સ લગાવવા માટેની કોઈ મંજૂરી આયોજકો દ્વારા લેવામાં આવી નહોતી તેમ મનપાના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

સે. ૧૭ના આ એક્ઝીબીશન સેન્ટર ખાતે ટ્રાફિક નિયમન માટેની ઓફિસના કર્મચારીઓ પણ અટવાઈ જવા પામ્યા છે. આ સિરામીક એક્સ્પોને ચૂંટણી પંચે પણ શરતી મંજૂરી આપી હોવાથી આજે તંત્રની વિવિધ ટીમો પણ એક્સ્પોના સ્થાને સક્રિય બની અને નજર રાખી રહી છે.

## બસપા સિવાય કોઈ પક્ષ સ્ટાર પ્રચારકોની યાદી આપી શક્યુ નથી

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીને લઈ બે મુખ્ય સ્પર્ધક પક્ષો ભાજપ કે કોંગ્રેસ દ્વારા હજુ સ્ટાર પ્રચારકોની યાદી તૈયાર નથી.

મળતી વિગતો પ્રમાણે માત્ર ને માત્ર બહુજન સમાજ પાર્ટીએ તેના સ્ટાર પ્રચારકોની યાદી રાજયના મુખ્ય ચૂંટણી કમિશનરની કચેરીને આપી છે. જો કે આ યાદી ઘણી મોટી હોવાથી પંચના અધિકારીઓએ તેને ટુંકાવવા માટે બસપાને પરત મોકલી હોવાનું જાણવા મળેલ છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈ પ્રથમ તબક્કા માટે ઉમેદવારી પત્રો ભરાવાના શરૂ થઈ ચુક્યા છે તો આગામી સપ્તાહે બીજા તબક્કા માટેનું પણ જાહેરનામુ પ્રસિદ્ધ થઈ જશે પરંતુ રાજકીય પક્ષો હજુ સ્ટાર પ્રચારકોની યાદી તૈયાર કરી શક્યા નથી.

રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે ગુજરાતમાં હજુ ચૂંટણીનો માહોલ જામતો નથી તેને લઈ બધા પક્ષોને ચિંતા કોરી ખાઈ રહી છે. બધા પક્ષો એક બીજાની રાહ જોવામાં વ્યસ્ત વધુ છે. ઉમેદવારોની પસંદગી અંગે પણ રાજકીય પક્ષોમાં તે ખેંચતાણ જોવા મળી રહી છે તે પણ એક કારણ છે. ગુજરાતમાં રાજકીય જૂથબંધી એટલી બધી વધી ગઈ છે કે રાજકીય પક્ષોને સ્ટાર પ્રચારકોની યાદીને આખરી ઓપ આપવામાં પણ તકલીફ પડી રહી છે.

જો કે સોમવાર સુધીમાં સ્ટાર પ્રચારકોની યાદી ચૂંટણી પંચને આપી દેવામાં આવશે તેમ રાજકીય વર્તુળો માની રહ્યા છે અને સોમવાર સુધીમાં ઉમેદવારોની યાદી પણ જાહેર થઈ જશે તેમ મનાઈ રહ્યુ છે.

# પદમાવતી ફિલ્મના વિરોધમાં જિલ્લા કલેકટર-પોલીસવડાને આવેદનપત્ર

ગાંધીનગર, તા.૧૬

પદમાવતી ફિલ્મ આગામી સમયમાં રીલીઝ થવાની તૈયારીમાં છે. ત્યારે સમગ્ર ભારતભરમાં યોગ્ય કરવા જણાવાયું છે.

સંજય લીલા ભણશાલીની ઐતિહાસિક ફિલ્મ પદમાવતીને લઈ ઠેરઠેર રાજપૂત સમાજ દ્વારા વિરોધ કલેકટર અને પોલીસવડાને આવેદન પત્ર પાઠવી જિલ્લાના સિનેમાઘરોમાં આ ફિલ્મ રીલીઝ ના થાય તે અંગે રાજપૂત યુવા વિકાસ પરિષદે





ફિલ્મને લઈ વિરોધનો વંટોળ ઉઠવા પામ્યો છે. ફિલ્મમાં ઈતિહાસને તોડી મરોડીને રજુ કરેલ હોવાથી રાજપૂત સમાજની ગરીમાને ઠેસ પહોંચી છે. કરણી સેના રાજસ્થાન અને રાજપૂત સમાજ દ્વારા ઠેરઠેર વિરોધ કરવામાં આવી રહ્યો છે.ત્યારે ગાંધીનગર રાજપૂત યુવા વિકાસ પરિષદ દ્વારા આજે જિલ્લા કલેકટર અને જિલ્લા પોલીસવડાને આવેદન પત્ર પાઠવી આ ફિલ્મ ગાંધીનગર શહેર-જિલ્લાના સિનેમાઘરોમાં રીલીઝ ના થાય તે અંગે થઈ રહ્યો છે. ઈતિહાસને તોડી મરોડીને ફિલ્મ તૈયાર કરાઈ હોવાનો આક્ષેપ કરણીસેના દ્વારા કરવામાં આવ્યો છે. ગુજરાત સહિત સમગ્ર ભારતમાં રાજપૂત સમાજના યુવાનો દ્વારા વિરોધનો શૂર ઉઠવા પામ્યો છે. ત્યારે ગાંધીનગરમાં પણ આ ફિલ્મનો સપ્ત વિરોધ થઈ રહ્યો છે. આજરોજ ગાંધીનગર શહેર અને જિલ્લાના સિનેમાઘરો આગળ રાજપૂત વિકાસ પરિષદ દ્વારા વિરોધ કરાયો હતો. ત્યારબાદ ગાંધીનગર જિલ્લા આવેદન પત્ર પાઠવી પોતાની લાગણી અને માંગણી રજુ કરી છે. અગાઉ તંત્ર દ્વારા ચાંદ બુઝ ગયા, ફના, પરજાનીયા, ફીરાક અને પાવર ઓફ પાટીદાર ફિલ્મ પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે.તો આ ફિલ્મ પર પણ તંત્ર દ્વારા પ્રતિબંધ મુકવામાં આવે. તેમ છતા જો ફિલ્મ રીલીઝ થશે તો તેની સંપૂર્ણ જવાબદારી સિનેમાઘરોના માલિકની રહેશે તેવી ચિમકી રાજપૂત યુવા વિકાસ પરિષદ દ્વારા ઉચ્ચારવામાં આવી છે.

# ચૂંટણી આવે છે.. કામે લાગી જાવ ભાજપના કાર્પોરેટરોને પક્ષના આગેવાનોએ ઢંઢોળ્યા..!

આગામી વિધાનસભાની ચુંટણીના પડઘમ વાગી રહયા છે. રાજકીય પક્ષો ચુંટણીની ગતિવિધિઓમાં ગળાડુબ બન્યા છે. રાજયના પાટનગરમાં પણ ચુંટણી જંગને અનુલક્ષી પ્રબળ ઉત્તેજનાનો માહોલ જોવા મળી રહયો છે. જ્ઞાતિવાદના નવા સમીકરણો મંડરાયા બાદ રાજકીય પક્ષો માટે ટીકીટ ફાળવણીની પ્રક્રીયા વધુ જટીલ અને મુશ્કેલ બની હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. જો કે બે દિવસમાં જ ઉમેદવારોના નામ જાહેર કરી દેવાય તેવી પણ સંભાવના છે. ત્યારે ગાંધીનગરના શહેરી વિસ્તારમાં ચુંટણીને અનુલક્ષી ભાજપે અત્યારથી જ સતત લોકસંપર્ક કરીને મતદારોને પોતાની ફેવરમાં કરી લેવા માટે જીજાનથી પ્રયાસો શરૂ કરી દીધા છે. એકબાજુ જ્ઞાતિવાદના સમીકરણો ચુંટણી મેદાનના મુરતિયાની પસંદગી માટે મુખ્ય બનતા જાય છે. ત્યારે આગામી ચુંટણીમાં બહુમત મેળવવા માટે ભાજપના નેતાઓ સેકટરોની શેરીઓ ખુંદતા નજરે પડે છે. ગાંધીનગરમાં કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ શહેરમાં રાજકીય માહોલ આમ પણ ગરમાયેલો રહે છે. ત્યારે ચુંટણી નજીકમાં છે આવા સંજોગોમાં સ્થાનિક નેતાગીરીને સબળી પુરવાર કરવા માટે પણ ભાજપના નેતાઓ કમર કસી રહયા છે. સ્થાનિક ધારાસભ્ય ગાંધીનગર ઉત્તરની બેઠક પરના પ્રબળ દાવેદાર મનાતા હોવાના લીધે રીપીટની થિયરી અપનાવાય તેવી પણ અટકળો ચાલી રહી છે. ત્યારે ભાજપે સેકટરોમાંથી મત બટોરવા માટે સ્થાનિક નગરસેવકોને પણ કામે લાગી જવા માટે જણાંવી દીધુ છે. ગઈકાલે ભાજપના કોર્પોરેટરોની એક બેઠક યોજવામાં આવી હતી. યુ પી ના કેબિનેટ મંત્રી મહેન્દ્રસિંહજીની અધ્યક્ષતામાં મળેલી બેઠક દરમિયાન પક્ષમાંથી ચુંટાયેલા કોર્પોરેટરોને કામે લાગી જવા માટે સુચવાયુ હતુ. જયારે આ બેઠકમાં અગાઉ બહુમત હાંસલ કરી ચુકેલા નગરસેવકોનો પણ બેઠકમાં સમાવેશ કરાયો હતો. યુ પી ના પ્રધાન મહેન્દ્રસિંહજીએ ચુંટણીને ધ્યાને લઈ મતદારોને ઢંઢોળવાના કામે લાગી જવા જણાંવ્યુ હતુ. બેઠકમાં તમામ વાર્ડના કોર્પોરેટરો સહીત ભાજપ મહાનગરના પદાધિકારીઓ પણ સામેલ રહયા હતા.

## ડૉ. હેમંત પટેલ ઈન્ડિયન રેડીઓલોજીકલ એન્ડ ઈમેજિંગ એસોસિએશનના પ્રમુખ તરીકે વિજેતા

ગાંધીનગર, તા. ૧૬



વર્ષ ૨૦૧૮ માટે ઈન્ડિયન રેડીઓલોજીકલ એન્ડ ઈમેજિંગ એસોસિએશનની ચૂંટણીના પરિણામો જાહેર કરવામાં આવ્યા છે અને ડો. હેમંત પટેલ પ્રમુખ તરીકે વિજેતા બન્યા છે. આ સાથે, આઈઆરઆઈએના ઈતિહાસમાં એક રેકોર્ડ-બ્રેક વિજય પણ છે. આ જીત સાથે, આઈઆરઆઈએને ૨ થી વધુ દાયકાઓ પછી ગુજરાતી પ્રમુખ મળ્યા છે. અમદાવાદ શહેર અને ગુજરાત રાજ્ય માટે આ ગૌરવની બાબત છે. આનાથી ગુજરાત અને ભારતના ઘણા યુવાન રેડીયોલોજીસ્ટને સમગ્ર વિશ્વમાં નવા સંશોધન, વિદેશી ફેલોશીપ અને વિનિમય કાર્યક્રમો માટે પ્રોત્સાહિત કરવામાં આવશે.

ડો. હેમંત પટેલ ગુજરાત ઈમેજિંગ સેન્ટર, સામવેદ હોસ્પિટલ, અમદાવાદ ખાતે મેનેજિંગ ડિરેક્ટર અને કન્સલ્ટન્ટ રેડિયોલોજીસ્ટ તરીકે કામ કરી રહ્યા છે. તેમની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સેંકડો પ્રસ્તુતિઓ અને પ્રકાશનો છે. રેડિયોલોજીના અમેરિકન સોસાયટી તરફથી પ્રતિષ્ઠિત પુરસ્કારો મળ્યા છે.

# નવિન માર્ગ સુધારણાના કામને લઈ સે-૫ના વસાહતીઓને અસંતોષ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરમાં ચોમાસા બાદ માર્ગોની દુર્દશા કથળી ગઈ હતી. શહેરના રાજમાર્ગો પાણીમાં ધોવાઈ જતા ગ્રામ્ય વિસ્તારના માર્ગો જેવી હાલત થઈ ગઈ હતી. શહેરના માર્ગો ઉબડ-ખાબડ થતા વાહન ચાલકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો.ત્યારે સેકટરના આંતરીક માર્ગોની હાલત પણ કફોડી બની જવા પામી હતી. જેને પગલે તંત્ર દ્વારા તાત્કાલીક શહેરના મુખ્ય માર્ગો તેમજ સેકટરના આંતરીક માર્ગોનું સુધારણાનું કામ શરુ કર્યુ છે. શહેરના કેટલાક સેકટરોમાં માર્ગનું કામ પુરુ પણ થઈ જવા પામ્યું છે. ત્યારે સેકટર-૫ એ અને બી વિભાગમાં હાલના સમયે માર્ગ બનાવાનુંકામ શરુ છે. આ માર્ગ ખાનગી કોન્ટ્રાકટના માણસો આડેધડ મરજી મુજબ તૈયાર કરી રહ્યા છે. ત્યારે નવિન તૈયાર કરેલા માર્ગની કપચી તેમજ ઉખડવાની શરુઆત થઈ ગઈ છે. માર્ગ નવિનીકરણના કામમાં રોડનું લેવલ જોયા વિના આડેધડ ઉબડ-ખાબડ સામાન્ય ડામરનો ઉપયોગ કરીને માર્ગો તૈયાર કરાયા હોવાનો આક્ષેપ સેકટર-૫ વસાહત મંડળ દ્વારા કરવામાં આવ્યો છે. માર્ગ તૈયાર થઈ રહ્યો હતો તે દરમિયાન પણ તંત્રના કોઈ અધિકારી ફરકયા ન હોવાનું પણ વસાહતીઓ જણાવી રહ્યા છે. ઉપરાંત માર્ગના કામકાજ દરમિયાન અસંખ્ય ગટરો તુટી જવા પામી છે. જેથી ગટરોમાં જતુ પાણી અટકી અટકીને જાય છે. ગટરો ઉભરાતી હોવાના કિસ્સા પણ સામે આવી રહ્યા છે. ગટરના ગંદા પાણી માર્ગ પર ફરી વળતા દુર્ગંધ મારતા મોં પર રૂમાલ રાખવો પડે તેવી સ્થિતિ ઉદ્ભવી છે. ગટરોની મરામત અંગે પણ તંત્રને જાણ કરી છે છતા પણ હજુ સુધી કોઈ પણ ગટર રીપેરીંગના કામઅર્થે ડોકાયું નથી. ગટરને પગલે નાના મોટા વાહનોને અકસ્માત સર્જાય તેવી સ્થિતિ ઉભી થવા પામી છે. ત્યારે સેકટર-૫ વસાહત મંડળની રજુઆતને ધ્યાને લઈ તંત્ર દ્વારા યોગ્ય કરવામાં આવે તેવી લાગણી અને માંગણી વસાહતીઓની તેમજ મંડળના સભ્યોની છે.

## ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજનું સ્નેહમિલન રવિવારે યોજાશે

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજનું સ્નેહમિલન સમારોહ આગામી તા.૧૯ નવેમ્બરને રવિવારના રોજ બપોરે ૨ કલાકે સેકટર-૧૨ રાજપૂત સમાજ ભવન ખાતે યોજાશે. જેમાં સમાજના ભાઈ બહેનોને મોટીસંખ્યામાં હાજર રહેવા અનુરોધ કર્યો છે. ઉપરાંત ગાંધીનગર જિલ્લાની ૫ બેઠકો પૈકી ૩ બેઠકો પર રાજપૂત સમાજને પ્રતિનિધિત્વ આપવામાં આવે તે અંગે પણ ચર્ચા વિચારણા આ સ્નેહમિલન સમારોહમાં કરવામાં આવશે.

રાજયના પાટનગરમાં રાજપૂત સમાજનું ભવ્ય મહાસંમેલન યોજાયું હતું. જેમાં દેશભરમાંથી રાજપૂત યુવાનો ગાંધીનગરના આંગણે પધાર્યા હતા. જેમાં ફિલ્મ પદમાવતીના વિરોધની સાથેસાથે રાજપૂત સમાજને આવનારી વિધાનસભામાં યોગ્ય પ્રતિનિધિત્વ મળી રહે તે ચર્ચા થઈ હતી. જેને અનુલક્ષી ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ દ્વારા આગામી તા.૧૯ નવેમ્બરને રવિવારના રોજ સે-૧૨ રાજપૂત સમાજ ભવન ખાતે સ્નેહમિલન સમારોહનું આયોજન કરાયું છે. ગાંધીનગરમાં આવેલી ૨૨ ટકા ક્ષત્રિય સમાજની વસ્તીને આધારે ક્ષત્રિય સમાજને પુરતું પ્રતિનિધિત્વ આપવામાં આવે. જે પક્ષના પદાધિકારીઓ ક્ષત્રિય સમાજને ન્યાય આપશે તે અંગે સમાજ સક્રિય વિચારણા કરી આગળ ઘટતુ કરવા વિચારશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ